# એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ

નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

## દ્વિતિય પ્રિલિમનરી પરીક્ષા - ૨૦૧૦-૧૧

| | | |
|---|---|---|
| તારીખ : ૦૮-૦૨-૧૧ | ધોરણ : ૧૨ | ગુણ : ૧૦૦ |
| વાર : મંગળવાર | વિષય : અર્થશાસ્ત્ર (022) | સમય : ૩ કલાક |

સૂચના :
1. જવાબ આપતા પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ જવાબ લખો.
2. આ પ્રશ્નપત્રમાં કુલ 48 પ્રશ્નો છે.
3. બધા જ પ્ર દ્રશ્નો ફરજિયાત છે.
4. જમણી બાજુ ગુણ દર્શાવ્યા છે.
5. દરેક વિભાગ નવા પાના પર શરૂ કરો.

### વિભાગ - A

યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. દરેકનો 1 માર્ક. (10)

1. જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક કોણે રજુ કર્યો છે ?
   (A) ડેવિસ મોરીસે (B) સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમે
   (C) જેકોબ વાઈનરે (D) આર્થર લઈસ
2. ભારતમાં રાષ્ટ્રીય પેદાશના કેટલા ટકા રકમ શિક્ષણ પાછળ ખર્ચાય છે.
   (A) 2% (B) 4%
   (C) 10% (D) 15%
3. 2002માં ભારતમાં જન્મદર કેટલો હતો.
   (A) 40.8 (B) 25.0
   (C) 8.1 (D) 15.8
4. ભારતમાં કયા શિક્ષણને ફરજીયાત બનાવાયું છે.
   (A) પ્રાથમિક (B) માધ્યમિક
   (C) ઉચ્ચ શિક્ષણ (D) ટેકનિકલ શિક્ષણ
5. વિકસીત દેશોમાં મુખ્યત્વે કઈ બેરોજગારી જોવા મળે છે.
   (A) શિક્ષિત બેરોજગારી (B) ઘર્ષણજન્ય બેકારી
   (C) મોસમી બેકારી (D) પ્રચ્છન્ન બેકારી
6. કઈ બેરોજગારી છુપી બેરોજગારી તરીકે ઓળખાય છે ?
   (A) પ્રચ્છન્ન (B) મોસમી
   (C) શિક્ષીત (D) ચક્રીય
7. પર્યાવરણમાં કચરાના નિકાલ માટે ચુકવવી પડતી કિંમતએ કયો કર છે ?
   (A) આવકવેરો (B) ખર્ચ વેરો
   (C) અબકારી વેરો (D) ઉત્સર્જન વેરો
8. ભારતમાં કૃષિ વિકાસનો કયો તબક્કો હરિયાળી ક્રાન્તિ તરીકે ઓળખવામાં આવે છે.
   (A) 1951 થી 1960 (B) 1961 થી 1967
   (C) 1968 બાદનો (D) 1991 બાદનો
9. ભારતમાં કુલ કૃષિ હેઠળના વિસ્તારનો કેટલા ટકા વિસ્તાર સિંચાઈ હેઠળ છે.
   (A) 18% (B) 30%
   (C) 40% (D) 80%

10. ભારતમાં નીચેનામાંથી કઈ સંસ્થા નાના ઉદ્યોગોની નાણાંકીય જરૂરિયાતો સંતોષવાનું કામ કરે છે.
(A) I.D.B.I. (B) S.I.D.B.I.
(C) ખાદી ગ્રામોદ્યોગ નિગમ (D) લઘુ ઉદ્યોગ નિગમ

## વિભાગ - B

**ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 માર્કસ.)** **(10)**

11. સામાન્ય રીતે y ધરી ઉપર શું દર્શાવાય છે.
12. બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાન્તિ ક્યારે થઈ.
13. ભારતમાં આયોજનપંચની સ્થાપના ક્યારે થઈ.
14. આર્થિક સુધારાના મુખ્ય ઘટકો કયા છે.
15. કુટુંબ નિયોજન એટલે શું ?
16. ચક્રિય બેકારી માટે કયું પરિબળ જવાબદાર છે.
17. પર્યાવરણીય નીતિ એટલે શું ?
18. આકર્ષણ સ્થળાંતર એટલે શું ?
19. શહેરીકરણ કઈ રીતે થાય છે.
20. કૃષિ પાકના કયા બે મુખ્ય સ્વરૂપ છે.

## વિભાગ - C

**ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 માર્કસ)** **(28)**

21. રોજિંદા જીવનમાં આંકડાકીય માહિતીનું શું મહત્વ છે.
22. આર્થિક વિકાસ એટલે શું ?
23. વ્યવસાયિક માળખું એટલે શું ? વ્યવસાયિક માળખાના મુખ્ય કેટલા અને કયા વિભાગ છે.
24. વીજળી ઉત્પાદનના મુખ્ય સ્રોત કેટલા અને કયા કયા છે ?
25. સંદેશાવ્યવહારની સેવા શાથી જરૂરી છે ? સંદેશા વ્યવહારના મુખ્ય માધ્યમો કયા છે.
26. આયોજન એટલે શું ?
27. ઉદારીકરણ એટલે શું ? તેનો ખ્યાલ સમજાવો.
28. ભારતમાં ખાનગીકરણના મુખ્ય ઉદ્દેશો કયા હતો.
29. વસ્તી નિયંત્રણમાં શિક્ષણની ભૂમિકા સમજાવો.
30. વિકસીત અને વિકાસશીલ દેશોની બેકારી માટે મુખ્યત્વે કયું કારણ જવાબદાર છે.
31. મની ઓર્ડર અર્થતંત્રનો ખ્યાલ સમજાવો.
32. કોઈ પણ દેશના આર્થિક વિકાસ સાથે કઈ બે બાબતો જોડાયેલી છે.
33. કૃષિ રૂપાંતર એટલે શું ?
34. મૂડી રોકાણના કદને આધારે ઉદ્યોગોનું વર્ગીકરણ સમજાવો.

## વિભાગ - D

**માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના 3 માર્કસ)** **(27)**

35. ટૂંકનોંધ લખો : તુલનાત્મક અભ્યાસ.
36. નાના પાયાના ઉદ્યોગોનું મહત્વ સમજાવો.

37. ટૂંકનોંધ લખો : ભારતમાં રેલવે વ્યવહાર.

**અથવા**

ભારતમાં શિક્ષણ.

38. વૈશ્વિકરણના લાભ જણાવો.
39. આર્થિક વિકાસ અને વસ્તી વૃદ્ધિ વચ્ચેના સંબંધ અંગે સવિસ્તાર નોંધ લખો.
40. ટૂંકનોંધ લખો : સુવર્ણજયંતી ગ્રામ રોજગાર યોજના.
41. બેરોજગારી માપવાની પદ્ધતિ સમજાવો.
42. સ્થળાન્તર માટેના જવાબદાર કારણોની ચર્ચા કરો.
43. હરિયાળી ક્રાંતિના મુખ્ય ઘટકોની ચર્ચા કરો.

**અથવા**

ભારતમાં કૃષિની નીચી ઉત્પાદકતા માટે જવાબદાર પરિબળોની ચર્ચા કરો.

## વિભાગ - E

**માગ્યા મુજબ ઉત્તરો આપો. (દરેકના 5 ગુણ)** **(25)**

44. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેની તુલના ઉદાહરણ આપીને કરો.
45. ભારતીય આયોજનની સિધ્ધીઓ વર્ણવો.
46. સાપેક્ષ અને નિરપેક્ષ ગરીબીનો ખ્યાલ સમજાવો.

**અથવા**

ગરીબી નિવારણના સામાજિક સલામતીના કાર્યક્રમોની ચર્ચા કરો.

47. શહેરીકરણ, ઉદ્યોગીકરણ અને આર્થિક વિકાસના આંતરસંબંધો.

**અથવા**

ભારતમાં અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનું મહત્વ સ્પષ્ટ કરો.

48. ભારતીય ઉદ્યોગોના વર્ગીકરણનું સ્વરૂપ ચર્ચો.

**અથવા**

ભારત સરકારના નાણાંકીય કચેરીના આર્થિક વિભાગ દ્વારા 2001-2002ના થયેલા સર્વેક્ષણને આધારે ગરીબી અં પ્રાપ્ત નીચેની આંકડાકીય માહીતીને યોગ્ય આલેખ-આકૃતિમાં રજુ કરી વિશ્લેષણ કરો.

| વર્ષ | ભારતમાં ગરીબીનો અંદાજ (%માં) | |
|---|---|---|
| | ગ્રામીણ | શહેરી |
| 1977-78 | 53.1% | 45.2% |
| 1987-88 | 39.1% | 38.2% |
| 1993-94 | 37.3% | 32.4% |
| 1999-2000 | 27.1% | 23.6% |

• • •